# ૩૪મી નેશનલ ટેકવોન્ડો ચેમ્પિયનશીપમાં દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરનો દબદબો



૩૪મી નેશનલ ITF ટેકવોન્ડો ચેમ્પિયનશીપનું આયોજન પેડમ ઈન્ડોર સ્ટેડિયમ,માપુસા,ગોવામાં થયું હતું. જેમાં દિલ્હી પબ્લિક સ્કૂલ ગાંધીનગરના બે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. આર્યન પટેલ (ધોરણ-૯)ને વ્યક્તિગત અને જૂથ ફાઈટમાં સિલ્વર મેડલ અને હિયા સિસોદીયા(ધોરણ-૮)ને વ્યક્તિગત અને જૂથ ફાઈટમાં બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત થયો હતો. શાળાનાં આચાર્ય અતનુ રથે બંને બાળકોને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# અરિહંત ફાર્મસી સ્કૂલ ખાતે 'પીચ' યોજાઈ



ગાંધીનગર, તા. ૭

અરિહંત સ્કૂલ ઑફ ફાર્મસી ઍન્ડ બીઆરઆઈ દ્વારા તાજેતરમાં રાજ્યકક્ષાની 'પીચ' (ફાર્માસ્યુટિકલ ઈનોવેશન્સ એન્ડ ટેકનોલોજી કોમ્પિટિશન ફોર હેલ્થ) ૨૦૨૦નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનો મુખ્ય હેતુ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સ્ટાર્ટ અપ એક્ટિવિટીને આગળ વધારવા માટે અને વિદ્યાર્થીઓની વિચાર શકિત વધારી તેમને ઍન્ટરપ્રેન્યરશીપ તરફ આકર્ષિત કરવાનો હતો.

પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ પોતાનાં ઈનોવેટિવ આઈડિયા પોસ્ટર પ્રેઝન્ટેશન સ્પર્ધાના માધ્યમથી પ્રદર્શિત કર્યા હતાં. ડાયાબિટીસ, ડેન્ગ્યૂ, કેન્સર, બ્લડ પ્રેશર અને આયુર્વેદિક પ્રોડક્ટનો ઉપયોગ કરી વિવિધ રોગોને દૂર કરવા માટેના ઉપાયો સૂચવતાં ૩૫ વિષયો પરનાં પોસ્ટર્સ ૭૫ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓએ નવીન ટેકનોલોજી આર્ટીફિશિયલ ઈન્ટેલિજન્સ, મશીન બર્નિંગ, થ્રીડી પ્રિન્ટીંગ અને ટેકનોલોજીને ફાર્માસ્યુટિકલ સાથે સાંકળી નવીનતમ વિચારોનું સુંદર પ્રદર્શન કર્યું હતું.

કાર્યક્રમના બીજા દિવસે ઓરલ પ્રેઝન્ટેશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૨૫ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો

કાર્યક્રમનું નિરીક્ષણ સ્વર્ણિમ સ્ટાર્ટ અપ યુનિવર્સિટીના મેનેજિંગ ડિરેક્ટર વિશાલ સાવલિયા અને અરિહંત કૉલેજના આચાર્ય ડૉ. રાગીન શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. વિજેતા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને ટ્રૉફી આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.


## ડાયરેક્ટ ❤ સે

વિશ્વાસને
નિઃસ્વાર્થપણે
નિભાવતાં
આવડવું જોઈએ, બાકી
લાગણીઓનો લાભ
લેનારાઓનો તોટો નથી


## જન્મદિને વધામણી



**નરેશ આર શાહ**
ટ્રસ્ટી, આવકાર એજ્યુકેશન ટ્રસ્ટ
મો. ૯૮૨૫૨ ૯૮૮૨૮



**અર્જુનસિંહ પ્રતાપસિંહ વાઘેલા**
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧



**હર્ષિલ વ્યાસ**
મો. ૯૮૭૯૬ ૧૯૧૫૧



**ઈન્દ્રવદન સી પંડ્યા**
રાજ્યપાલ લાઈફટાઈમ એચિવમેન્ટ એવોર્ડી
મો. ૯૯૨૪૧ ૧૫૨૫૪

# બીબીએ કૉલેજ દ્વારા મુંદ્રા બંદરની મુલાકાત



ગાંધીનગર, તા. ૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન બી. પી. કૉલેજ ઓફ બિઝનેસ ઍડમિનીસ્ટ્રેશન (બીબીએ) કૉલેજના વિદ્યાર્થીઓની સાતત્યપૂર્ણ દરેક સેમેસ્ટરમાં ઈંડસ્ટ્રિયલ વિઝિટનું આયોજન થઈ રહ્યું છે. જેનાથી વિદ્યાર્થીઓને વ્યાવસાયિક ક્ષેત્રનાં તમામ પાસાઓ સમજવામાં સરળતા રહે છે. સેમેસ્ટર-૬ના ૧૧૬ વિદ્યાર્થીઓએ કચ્છ જીલ્લામાં સ્થિત મુન્દ્રા પોર્ટની બે દિવસીય મુલાકાત લીધી હતી.

વિદ્યાર્થીઓ દ્વારા કુલ પાંચ ઔદ્યોગીક ક્ષેત્રની મુલાકાત લેવામાં આવી હતી. પ્રથમ દિવસે મનોહરસિંહ ગોહિલે વિદ્યાર્થીઓની સાથે રહી અદાણી પોર્ટના વિવિધ કાર્યો, પોર્ટનું ભારત દેશના વિકાસમા મહત્ત્વ તેમજ પોર્ટનું સચાલન અને વહીવટ વગેરે પાસાઓને ધ્યાનમાં રાખી તેમને ઊંડાણપૂર્વકની માહિતી પૂરી પાડી હતી.


વિદ્યાર્થીઓએ સંગીત, વાદન, નૃત્ય અને ગરબા જેવી સાંસ્કૃતિક કૃતિઓની પ્રસ્તુતિ કરી હતી. સાંસ્કૃતિક કાર્યક્રમના અંતમાં ડૉ. આશિષ ભુવા દ્વારા આભાર વિધિ કરવામાં આવી હતી.

બીજા દિવસે અદાણી વેસ્ટ પોર્ટ તેમજ અદાણી પાવર લિમિટેડની મુલાકાત પણ વિદ્યાર્થીઓએ લીધી હતી. વિઝિટના છેલ્લા તબક્કામાં અદાણી ફાઉન્ડેશન વતી પુરુરાજસિંહ ઝાલાએ વિદ્યાર્થીઓને સાંસ્કૃતિક કાર્યક્રમ, પ્રાયોગિક તાલીમ માટેની ધગશ અને તેમના શિસ્ત માટે અભિનંદન આપ્યા હતા તેમજ તેમના ઉજવવળ ભાવી માટે શુભકામના પાઠવી હતી.

આ વિઝિટને સફળ બનાવવા માટે સંસ્થાના આચાર્ય ડૉ. રમાકાન્ત પૃષ્ટી, પ્લેસમેન્ટ અને ટ્રેનિંગ સમિતિના હેડ ડૉ. જયેશ તન્ના, પ્રો.આશિષ ભુવા અને પ્રો. જાનકી દવે દ્વારા સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવી હતી.

## રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી અંતર્ગત

# માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે યોજાયું વિજ્ઞાનની ક્ષિતિજો વિષયે વ્યાખ્યાન



ગાંધીનગર, તા. ૭

ભારતના પનોતા પુત્ર અને નોબલ પારિતોષિક વિજેતા ડૉ. સી. વી. રામનની યાદમાં ૨૮ ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિન તરીકે ઉજવાય છે. ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી (ગુજકોસ્ટ) ગાંધીનગરના માર્ગદર્શન નીચે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર દ્વારા ફેબ્રુઆરી માસમા દસ જેટલા જુદા-જુદા કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

રાષ્ટ્રીય વિજ્ઞાન દિનની ઉજવણી અંતર્ગત માઉન્ટ કાર્મેલ સ્કૂલ ખાતે ડૉ. અનીલ પટેલનું "વિજ્ઞાનની નવીનતમ ક્ષિતિજો" વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું, જેમાં તેમણે સ્પેસ સાયન્સ, રોબોટીક્સ, કોમ્યુનિકેશન, એનર્જી, હેલ્થ જેવાં વિવિધ ક્ષેત્રોમાં થયેલાં નવીન સંશોધનો વિષે રસપ્રદ વાતો વિદ્યાર્થીઓને કરી હતી. પ્રશ્નોત્તરીમાં વિદ્યાર્થીઓના પ્રશ્નોના જવાબ પણ તેમણે ખૂબ જ સરળ ભાષામાં આપ્યા હતા. શાળાના વિજ્ઞાન શિક્ષક હેમાંગીનીબહેને સમગ્ર કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

# જે બી પ્રાથમિક શાળા ખાતે અનલિમિટેડ સ્પેલિંગ સ્પર્ધા

ગાંધીનગર, તા. ૭

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળા ખાતે તાજેતરમાં અનલિમિટેડ સ્પેલિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. ધોરણ-૩થી ૮ના વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો.

ઉલ્લેખનીય છે કે શાળામાં વર્ષ દરમિયાન દરેક વર્ગમાં દરરોજ બે સ્પેલિંગનું લેખન કરાવવામાં આવે છે, જે વિદ્યાર્થીઓ તૈયાર કરે છે. આ અભ્યાસ વર્ષ દરમિયાન કર્યા બાદ વર્ષાન્તે અનલિમિટેડ સ્પેલિંગ સ્પર્ધા યોજવામાં આવી હતી. ધોરણ-૩થી ૫ના વિભાગમાં શ્વેત રવીન્દ્રકુમાર પટેલ અને ધોરણ-૬થી ૮માં હિતેશ મહેશભાઈ ચૌધરીનાં નામ વિજેતા તરીકે જાહેર કરવામાં આવ્યાં હતાં.

આચાર્ય નીવાબેન પટેલે આ સ્પર્ધામાં ભાગ લેનારા તમામ વિદ્યાર્થીઓ અને વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

# આજથી ગણપત યુનિવર્સિટી ખાતે ગુજરાત સાયન્સ કોંગ્રેસ યોજાશે

ગાંધીનગર, તા. ૭

આગામી તા. ૮ અને ૯ ફેબ્રુઆરી, ૨૦૨૦ દરમિયાન ગણપત યુનિવર્સિટીના આંગણે ૩૪મી ગુજરાત સાયન્સ કોંગ્રેસ યોજાઈ રહી છે.

ગુજરાત સાયન્સ એકેડેમી દ્વારા દર વર્ષે વિવિધ સૈક્ષણિક અને વિજ્ઞાન-સંસ્થાના સહયોગમાં યોજાતી ગુજરાત સાયન્સ કોંગ્રેસના આ ૩૪મા અધિવેશનનું ાયોજન ગણપત યુનિવર્સિટીના મહેસાણા અર્બન ઈન્સ્ટીટ્યુટ ઓફ સાયન્સ દ્વારા થઈ રહ્યું છે.

ગુજરાત સાયન્સ કોંગ્રેસના વિવિધ કાર્યક્રમોનો આરંભ શનિવાર, તા. ૮મી ફેબ્રુઆરીના રોજ સવારે ૯.૩૦ કલાકથી થશે, જેમાં ગણપત યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર અને ડિરેક્ટર જનરલ પ્રો. ડૉ. મહેન્દ્ર શર્મા પેટ્રન તરીકુપસ્થિત રહેશે. ફેલો ઑફ નેશનલ ઍકેડેમી ઑફ ઍન્જિનીયરિંગ પ્રો. કે એન વ્યાસ આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહેશે. ગુજરાત-ભરમાંથી આવેલા સાયન્સના અન્ડ ગ્રેજ્યુએટ્સ, પોસ્ટ ગ્રેજ્યુએટ્સ વિદ્યાર્થીઓ ઉપરાંત આ વિષયમાં એમફિલ અને પીએચડી કરતા વિદ્યાર્થીઓ, સ્કૂલ-કોલેજના સાયન્સ ટીચર્સ અને ચુનંદા વૈજ્ઞાનિકો મળીને ૩૫૦ જેટલા વિદ્વાનો આ કોંગ્રેસમાં સહભાગી બની રહ્યા છે, જે સાયન્સ, ટેકનોલોજી અને અર્થસાયન્સ વિષયે ૨૫૦ જેટલાં પોસ્ટર્સ પ્રસ્તુત કરશે. ૩૪મી ગુજરાત સાયન્સ કોંગ્રેસના આ દુર્લભ અવસરે ચારૂસેટ યુનિવર્સિટીના બેસ્ટ પીએચડી થિસિસના સંશોધકોને પણ ઍવોર્ડ અપાશે. એ જ રીતે દર વર્ષે ભરાતી સાયન્સ કોંગ્રેસ ઈવેન્ટમાં અપાતા બુટી ફાઉન્ડેશન ઍવોર્ડ્સ પણ એનાયત થશે.

# ઈવેન્ટ મેનેજર બનવા માટે શું કરવું જોઈએ ?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. 'કરિયર કોર્નર' કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર 'લાઈક' કરી શકો છો: facebook.com/questions.careercroner

**૧. ગ્રેજ્યુએશન કર્યા બાદ કરિયર બનાવવા માટેના કયા કયા વિકલ્પો ઉપલબ્ધ છે, માહિતી આપશો.**

**- કલ્પ જોશી, ગાંધીનગર**

કોલેજ કર્યા પછી આગળ વધવા માટે કેટલાક માર્ગો છે. (૧) આગળ અભ્યાસ કરવો (૨) નોકરી કરવી. (૩) પોતાનો બિઝનેસ કરવો. (૪) સ્ટુડન્ટ વિઝા મેળવી પરદેશ ભણવા જવું. (૫) સારી કોલેજમાં એડમિશન માટે એડમિશન ટેસ્ટની તૈયારી કરવી. (૬) સારી નોકરી મેળવવા માટેની કોમ્પિટેટિવ-સ્પર્ધાત્મ પરીક્ષાની તૈયારી કરવી. (૭) કમ્પ્યુટરના કોઈ કોર્સ કરવા. (૮) પરદેશ જવા માટે જરૂરી જી.એમ.એ.ટી, જી.આર.ઈ, ટી.ઑ.ઈ.એફ એલ, આઈ.એ.એલ.ટી.એસ જેવી પરીક્ષાની તૈયારી કરવી અથવા



(૯) કઈ કર્યા વગર સમય પસાર કરવો.આ બધા માર્ગોને જરા ધ્યાનથી વિચારીએ તો મુખ્ય બે ભાગમાં વહેંચી શકીએ: (૧) આગળ ભણવાનો માર્ગ અને (૨) નોકરી ધંધાનો માર્ગ આજે પરિસ્થિતિ એવી છે કે નોકરી સહેલાઈથી મળતી નથી. જે મળે છે તે ખાસ ગમે તેવી હોતી નથી. પોતાનો બિઝનેસ શરૂ કરવો સહેલો છે. પરંતુ ચલાવવાનું મુશ્કેલ છે. જ્યારે એની સરખામણીમાં આગળ ભણવાનું સહેલુ છે. જો આપ સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવા માંગો છો તો આપ સી.ડી.એસ તથા એ.એફ.સી.એ.ટી જેવી પરીક્ષા આપી ને આપ નેવી,એરફોર્સ તથા આર્મી માં ભરતી થઈ શકો છો. ખરો સવાલ એ છે કે, બેચલર ડિગ્રી પછી આગળ શેમાં એડમિશન લેવું? કયો કોર્સ કરવો સારો? આ પ્રશ્નનો એક જવાબ એ છે કે જો આપ હજી આગળ ભણવા માંગો છો તો સૌથી મહત્વની વસ્તુ એ છે કે આપ કઈ કોલેજ અથવા સંસ્થા માં એડમિશન લો છો. બીજી મુખ્ય બાબત એ જણાવવા માંગીએ છીએ કે આપે એ જ ક્ષેત્ર માં આગળ વધવું જે ક્ષેત્ર માં આપને રસ હોય.તો જ આપ એ માટે પૂરી અને સારી રીતે મેહનત કરી શકસો .અને આપ ધારેલ શફળતા પ્રાપ્ત કરી શકસો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૨. ઇવેન્ટ મેનેજર બનવા માટે શું કરવું જોઈએ?માહિતી આપશો.**

**- અમિત શાહ, ગાંધીનગર**

સર્ટિફાઈડ ઈવેન્ટ પ્લાનર્સ ઈવેન્ટના તમામ પાસાંઓના સંકલન અને સંચાલનનું કામ સંભાળે છે. તે માટે કોઈ ફિક્સ અથવા માત્ર એક કોર્સ નથી કરવાનો હોતો.તે માટે વિદ્યાર્થીઓ અલગ-અલગ શૈક્ષણિક બેકગ્રાઉન્ડમાંથી આવે છે, પરંતુ તે સામાન્ય રીતે બેચલર ડિગ્રી ધારકો



હોય છે. ઘણા પ્લાનર્સ કોઈક નાના કામથી શરૂ કરતાં હોય છે. જેમ કે કેટરિંગ કોઓર્ડિનેટર પોઝિશન,પાર્ટી આયોજક વગેરે. યોગ્ય શિક્ષણ અને અનુભવ સાથે, આયોજનકારો મોટા કાર્યક્રમો, જેમ કે સંમેલનો અને કોર્પોરેટ મીટિંગ્સનું આયોજન કરી શકો છો.પ્રમાણિત ઈવેન્ટ પ્લાનર બનવા માટે, તમારે હોસ્પિટાલિટી મેનેજમેન્ટ, માર્કેટિંગ, જાહેર સંબંધો, સંચાર અથવા વ્યવસાયમાં સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કરવી જોઈએ. ડિગ્રી વગર તમને ક્ષેત્રમાં ૧-૨ વર્ષનો અનુભવની જરૂર પડશે. તમારે સંચાર, ગ્રાહક સેવા, આંતરવ્યક્તિગત વાટાઘાટ અને સમસ્યા હલ કરવાની કુશળતાની પણ જરૂર પડશે. તમે ઑનલાઈન સોશિયલ મીડિયા, પ્રોજેક્ટ મેનેજમેન્ટ સૉફ્ટવેરનું જ્ઞાન સાથેની મૂળભૂત કમ્પ્યુટર કુશળતા અને આધુનિક કૌશલ્ય ધરાવતા હોવ એ જરૂરી છે. ઈવેન્ટ પ્લાનર્સ લગ્ન જેવી ખાનગી અને જાહેર ઈવેન્ટ્સ ગોઠવે છે. કન્વેન્શન સર્વિસ મેનેજર્સ બધી વિગતો સંચાલિત થાય તેની ખાતરી કરવા માટે હોટલ જેવી કંપનીઓ અને સ્થળો વચ્ચેના જોડાણ તરીકે કાર્ય કરે છે.આ ક્ષેત્ર માં સૌથી જરૂરી છે આપનું માર્કેટ માં અન્ય લોકો અથવા કસ્ટમર્સ સાથે નેટવર્કિંગ એટ્લે કે સંબંધો સારા હોવા જરૂરી છે.એ આપને જરૂર મદદરૂપ થઈ શકશે.અને બીજી વસ્તુ છે ટાઈમ મેનેજમેન્ટ.આપે આપના કામ માં સમય સૂચકતા બહુ મોટો ભાગ ભજવે છે.આમ આપ જો આ ક્ષેત્ર માં જવા માંગો છો તો ઉપરોક્ત બાબતોનું ધ્યાન રાખી જરૂરી મેહનત કરી ને સફળતા પ્રાપ્ત કરી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

**૩. મેં આ વર્ષે જ આવનાર સી એચ એસ એલની પરીક્ષા માટે પી.ડબલ્યુ.ડી. ક્વોટામાં ફોર્મ ભરેલ છે તો આ ક્વોટા માટે કટ ઓફ આશરે કેટલું રહે છે અને તે મેળવવા માટે શું કરવું માહિતી આપશો.**

**- આશુતોષ શુભાંક ગાંધીનગર**

એ જાણીને આનંદ થયો કે આપ કોઈ એક પરીક્ષા અને ટાર્ગેટ કરીને તૈયારી કરી રહ્યા છો વાચકમિત્રોને જણાવવા માંગીએ છીએ કે સી એચ એસ એલ એટલે કે કમબાઈન્ડ હાયર સેકન્ડરી લેવલ ની પરીક્ષા સ્ટાફ સિલેક્શન



કમિશન દ્વારા લેવામાં આવે છે જેની લાયકાત ધોરણ ૧૨ પાસ હોય છે આવે આપને જણાવવા માંગીએ છીએ કે આ પરીક્ષા માટે આપે જે ક્વોટા માટે ફોર્મ ભરેલ છે તેમાં કટ ઓફ આશરે સો માર્ક્સ માંથી ૨૫ થી ૩૦ માર્કસ આસપાસ રહે છે હવે આ પરીક્ષામાં મુખ્યત્વે જનરલ નોલેજ લોજીકલ રીઝનીંગ તથા અંગ્રેજી વિષયમાંથી પ્રશ્નો પૂછવામાં આવે છે તો આપણે જણાવવા માગું છું કે આ વિષયોમાંથી આપ જનરલ નોલેજ અને લોજીકલ રીઝનીંગ માંથી વધુમાં વધુ માર્કસ મેળવી શકો છો. રીજનીંગ માં ખાસ કરીને ક્લોક્સ અને કેલેન્ડર, ડાયરેક્શન બ્લડ રિલેશન, કોડિંગ ડીકોડિંગ જેવા ચેપ્ટર તૈયાર કરીને આપ આસાનીથી વધુ માર્કસ મેળવી શકો છો તથા અંગ્રેજી માટે આપે અંગ્રેજી ન્યૂઝપેપર તથા અંગ્રેજી ગ્રામરના અમુક નિયમ તૈયાર કરીને અંગ્રેજી વિષયમાં વધુ માર્કસ મેળવી શકો છો તથા ગણિત માટે વધુ પ્રેક્ટિસ અને રિપીટેશન મહત્વનું રહે છે જનરલ નોલેજ માટે આપ ખાસ કરીને વર્તમાન પ્રવાહ પર વધારે ધ્યાન રાખવાનું રહેશે જેના માટે આપ રોજ ન્યુઝ પેપર વાંચન તથા જે તે મેગેઝિન નું વાંચન કરી શકો છો. આ પ્રમાણે સમયસર ટાઈમ ટેબલ બનાવીને અને તેને અનુસરીને એ પ્રમાણે વિષયવાર તૈયારી કરતા આપ જરૂરથી આપણું ધાર્યું પરિણામ મેળવી શકો છો. વધુ જાણકારી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેલ કરી શકો છો. ઓલ ધ બેસ્ટ!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉંમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

ઈમેલ:questions.career corner@ mail.com

વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/ questions.careercroner